# હર શખ્સ દૌડતા હૈ ભીડ કી તરફ ઔર યે ભી ચાહતા હૈ કી ઉસે રાસ્તા મીલે...

**''આ જગતમાં એકલા સુખી માણસ જેટલું દુઃખી કોઈ નથી અને દુઃખી માણસ જેટલું સુખી કોઈ નથી.''**

સમયની સાથે માણસ રાત-દિવસ જોયા વગર દોડતો રહે છે. તેની આ દોડ સુખી થવાની છે કે અસ્વસ્થ થવાની તેની તેને જ ખબર પડતી નથી. દોડનો અંત પણ આવતો નથી. સમયની સાથે ન આવનારો પાછળ રહી જાય છે, અને થોડા વખત પછી ફેંકાઈ જાય છે. સમયની સાથે ચાલનારા હંમેશા સફળ રહ્યા છે. અમિતાભ બચ્ચન સમયની સાથે પરિવર્તન કરનારાઓમાં અવ્વલ નંબરે છે. તેથી જ આજે ચાર-ચાર પેઢી અમિતાભની ચાહક છે.

એકલો માણસ સુખી હોઈ ન શકે અને બે જણ ક્યારેય દુઃખી ન હોઈ શકે. એકલા હોવાનું દુઃખ અસહ્ય હોય છે. એકલા હોવું એટલે નરકમાં હોવું એવું કહેવાનો રિવાજ નથી. માણસ એકલો રહી જ શકતો નથી. માણસનું ધન, દોલત, ઐશ્વર્ય બધુ જ બીજાની હાજરીમાં શોભે છે. બીજો મને જુએ, મારા વખાણ કરે, મારા ઐશ્વર્યને વધાવે તેની તલાશમાં હોય છે. એકલા માણસ પાસે અઢળક સાધ્યબી હોય તો પણ તે સુખી થઈ શકતો નથી. કહોકે સુખી થ ઈ શકતો નથી. જે વ્યક્તિ સમયની કિંમત સમજે છે, તે ક્યારેય સમય વેડફી નાખતો નથી. કુટુંબ માટે, સંસ્થા માટે, સમાજ અને રાષ્ટ્ર માટે. વિવિધ પ્રવૃત્તિઓ કરતી હોય તો દરેક પ્રવૃત્તિ માટે સમય તો કાઢવો જ પડે છે. માનવી પાસે રોજના માત્ર ચોવીસ કલાક છે અને તેમાંય દિન ચર્યા માટેના કલાકો બાદ કરીએ તો કામના માત્ર બારથી પંદર કલાકો બચે. આ મર્યાદિત સમયનો જો કાળજીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો જ લક્ષ્યાંકો સિદ્ધ કરી શકાય.




સમય પાલન અંગે સાવચેતી રાખનાર સમયસર પોતાના કાર્યો સિદ્ધ કરી શકે છે અને જે સમય પ્રત્યે બેદરકાર હોય, તેની અવગણના કરે અર્થાત તેને ઓછું મહત્વ આપે તેને તમામ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ટ્રેઈનનો સમય ધ્યાનમાં રાખીને રેલ્વે સ્ટેશને પહોંચી જઈએ તો ટ્રેન ચૂકી જવાની કોઈ શક્યતા નથી પરંતુ ટ્રેનના સમયને અંગે બેદરકાર રહેનાર તો ટ્રેન ચૂકી જ જાય છે, અથવા છેલ્લી ઘડીએ દોડીને ટ્રેઈન પકડવી પડે અને તેમાં... અકસ્માતનું જોખમ હોય છે.

માનવી પોતાની સંપત્તિની ગણતરી કરતો રહે છે અને તેમાં કેટલો વધારો કે ઘટાડો થયો તેની સતત કાળજી રાખે છે. સંપત્તિમાં થયેલો ઘટાડો દૂર કરી તેમાં વધારો વ્યક્તિ કરવા માટે તે સતત પ્રયત્ન કરે છે. સંપત્તિની વૃદ્ધિથી જેટલો આનંદ થાય તેટલો જ સમયની બચતથી થાય. બચાવેલા સમયમાં નવી યોજનાઓ અમલમાં મૂકીને સમૃધ્ધિ અને પ્રતિષ્ઠામાં વધારો કરી શકાય.

વ્યક્તિનું ધ્યેય તેની મનોવૃત્તિ સાથે સંકળાયેલું હોય છે. ધનવાન બનવાની મનોવૃત્તિ ધરાવતી વ્યક્તિઓ કઈ રીતે વધુમાં વધુ આવક મેળવી શકાય, તેના રસ્તા શોધે છે. સલાહ સૂચન કરનાર તો ઘણા મળી રહે છે, પરંતુ પોતાની ક્ષમતા અને નબળાઈઓનો ખ્યાલ રાખીને કારકિર્દી ઘડવી જોઈએ અને તે માર્ગે આગળ વધવું જોઈએ. કારકિર્દીની વિચારણા કર્યા વગર, ધ્યેય નક્કિ કર્યા વગર આગળ વધતી વ્યક્તિ છેલ્લે નિરાશ થાય છે અને સમય બગાડ્યાની ગિલ્ટી ફીલ કરે છે.

સમય અને જીવન શૈલી વચ્ચે ગાઢ સંબંધ છે. પોતાની જીવન શૈલીની પારદર્શકતા માટે પૂર્વવિચારણા કરી ચોક્કસ સમય ફાળવવો જોઈએ. વાસ્તવમાં એવી જીવન શૈલી પસંદ કરાય જેમાં ખોટો સમય ન બગડે અને માનસિક શાંતિ મળે.

વર્તમાન સમયમાં "**Time management**" શબ્દ પ્રયોગ ખૂબ પ્રચલિત બન્યો છે. અવારનવાર સાંભળવા મળે છે કે 'ટાઈમ મેનેજમેંટ' નો અભાવ લાગે ત્યારે અર્થએ થયો કે ધારેલુ કાર્ય સમયસર પૂરૂ થયુ નથી. અને પછી તેની ઉપર આધારિત અન્ય પ્રવૃત્તિઓ પણ ખોરવાઈ જાય છે. સાથે સંકળાયેલા અન્ય વહીવટી માણસો તથા મહેમાનોને પણ પરેશાની ભોગવવી પડે છે. તેથી સફળતા મેળવવા 'ટાઈમ મેનેજમેંટ' આવશ્યક છે.

સમય એક સંપત્તિ છે. તેની બચત થવી જોઈએ. બચાવેલો સમય ભોગ-વિલાસમાં પસાર કરી ક્ષણિક સુખ મેળવી શકાય પરંતુ આત્માની ઉન્નતિ માટે સમયનો સદઉપયોગ કરવો જોઈએ. જેવી રીતે લોકોના કલ્યાણ માટે વાપરેલ સંપત્તિ હંમેશા સુખ શાંતિનું સર્જન કરે છે તેવી રીતે સારી પ્રવૃત્તિઓ માટે બચાવેલો સમય મનની શાંતિ અને સુખ બક્ષે છે. **(શીર્ષક પંક્તિ: વસીમ બરેલવી)**

**મિસરી :** ''લગ્નમાંથી પ્રેમ જન્મી શકે, પણ પ્રત્યેક પ્રેમનું પરિણામ લગ્ન નથી.''

(SMS : **મનહરભાઈ મોદી, કેનેડા**)

# ફરીદાબાદની ઘટના ચિંતાજનક છે

## તંત્રીસ્થાનેથી....

દેશ જયારે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જંયતી ઊજવી રહ્યા છે ત્યારે રાજધાની દિલ્હી નજીક સીમાવર્તી ફરીદાબાદ જિલ્લાના સુનપેડ ગામમાં એક દલિત કુટુંબને જીવતું સળગાવી મારવાનો પ્રયાસ થયો છે જેમાં બે માસૂમ બાળકો જીવતાં ભૂંજાઈ ગયાં છે અને પતિપત્ની સખત દાઝી ઘયાં છે - તે આપણા શાસકો અને જનસમુદાય - બેઉ માટે શરમજનક ઘટના છે. દેશને દુનિયાની મહાસત્તા બનાવવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું કદાચ સાકાર પણ થઈ જાય તો પણ તે પ્રજાના દલિત-શોષિત વર્ગ માટે કશા કામનું નથી રહેવાનું. જયાં માનવીનો જીવવાનો અધિકાર જ દહેશતભરી પરિસ્થિતિ વચ્ચે કણસતો હોય ત્યાં વિકાસ અને રાષ્ટ્રીય અસ્મિતા જેવા મુદ્દાઓનું કોઈ જ મૂલ્ય રહેતું નથી. આઝાદીનાં અડસઠ વર્ષ પછી પણ દેશમાંથી આ વર્ણવાદનું ઝેર દૂર નથી થયું તેના પ્રમાણો અત્ર-તત્ર-સર્વત્ર દષ્ટિગોચર થતાં જ રહે છે. હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને દેશમાં પણ એ જ પાર્ટીના નેતૃત્વવાળી એનડીએ સરકાર સત્તા ભોગવી રહી છે. વિદેશોમાં ભારતની છબી ઊંચવાના પ્રયાસોમાં ભારે તેજી આવી છે પણ ઘર આંગણે પરિસ્થિતિ બદથી બદતર થઈ રહી છે. ખુદ યુએસ શાસને ભારતમાં સતત વધી રહેલી સાંપ્રદાયિક વેરભાવનાની ગંભીર નોંધ લીધી છે. એક યા બીજા બહાના હેઠળ વિવિધ મુદ્દાઓ સંદર્ભે અહીં મુસલમાનોને વારંવાર અપમાનિત કરાઈ રહ્યા હોય એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. જવાબદાર પદાધિકારીઓ એમને પાકિસ્તાન ચાલ્યા જવાની ચીમકી આપતા રહે છે અને પછી ધીમે રહીને યુ-ટર્ન લઈ લે છે. લઘુમતી પ્રત્યેનો આવો નકારાત્મક અભિગમ છેલ્લા દોઢ વર્ષના મોદી શાસન દરમિયાન પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. દલિતો પર અત્યાચાર વધ્યા છે. ફરીદાબાદ કાંડમાં ક્ષત્રિય-દલિત વચ્ચેની અંગત અદાવત જ કારણભૂત લાગે છે, પરંતુ એક દબંગ સવર્ણ પરિવાર દલિતનું ઘર સળગાવી શકે એવી રાક્ષસી માનસિકતા પર શાસન કે કાનૂનનું નિયંત્રણ નથી રહ્યું તે શું ચિંતાનો વિષય નથી? કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પીડિત પરિવારની મુલાકાતે પહોંચી ગયા એમાં પણ જો કોઈને ફોટો પડાવવાની લાલસા દેખાતી હોય તો એ વિશે શું કહીશું? આવી માનવીય દુર્ઘટનાઓ એ સમસ્ત રાષ્ટ્રના માથાનું કલંક છે. મહાત્મા ગાંધી અને બાબાસાહેબનો આત્મા જયાં હશે ત્યાં આંસુ સારતો હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં માથું ઊંચકી રહેલાં વિઘાતક વર્ણવાદી તત્ત્વોને અને સાંપ્રદાયિક વલણ ધરાવતા સાથીઓને કડક હાથે દાબી દેવા ખુલ્લી રીતે બહાર આવવું પડશે. દાદરી પછીની ફરીદાબાદની ઘટના એ આપણા કઠોર વાસ્તવનું હૃદયદ્રાવક ચિત્ર રજૂ કરે છે. મોદીએ એમના સાથીઓનાં પાપ ધોવાની તૈયારી રાખવી જ રહી. જે 'અચ્છે દિન'નાં દિવા સ્વપ્નો બતાવીને વર્તમાન સરકાર સત્તા પર આવી હતી, તેની ક્રૂર મજાક જેવી ઘટનાઓથી દેશની ઈમેજને ભારે ધક્કો પહોંચ્યો છે, એમાં કોઈ શંકા છે ખરી?

# આપણી મૂળ સંસ્કૃતિનું રક્ષણ કરવું જરુરી છે

'સ્વધર્મે નિધનં શ્રેયઃ
'પોતાના ધર્મમાં મૃત્યુ પણ કલ્યાણકારી છે.'

ઉપનિષદોના થોડા સૂત્રોનો 'મહાવાક્ય' કહેવામાં આવે છે. શ્રીમદ શંકરાચાર્યજી તેઓને નિત્ય પાઠ કરવા જણાવે છે. શ્રીમદ્ ભગવત - ગીતાજીમાં પણ આ પ્રકારના સૂત્રો મળે છે. જેમ કે અશાંતસ્ય કુલીઃ ત્યાગાત્ શાંતિ - અનંતરમ્ અસઙ્ગેણ દઢેણ છિત્વા' ઈત્યાદિ - આ સૂત્ર પણ સનાતન સત્યને પ્રગટ કરતું સૂત્ર છે. કાલાન્તરે પણ તેની ચમક આછી થઈ નથી. આપણી આજની વાસ્તવિક પરિસ્થિતિમાં એ એટલું તો બંધબેસતું આવે છે કે તેની સત્યતા પર શંકા ન લાવી શકાય. આજના સંદર્ભે સમાજમાં પ્રવર્તતા વિવિધ વિચાર સંયોજન સાથે તેને સાંકળી શકાય. સામાન્ય વ્યક્તિ માટે આટલું તો સ્પષ્ટ છે કે આધુનિક સમયમાં પ્રચલિત ધર્મોના સંદર્ભમાં તે વિચારવાનું થતું નથી. અત્રે સ્વધર્મ એટલે આપણા સાંપ્રદાયિક ધર્મો નહીં. કદાચ મધ્યયુગમાં અને ખાસ તો ક્ષત્રિય - સમાજમાં એ જ અર્થ ગ્રાહ્ય રહ્યો હતો. મહાભારત કાળમાં ભગવાન શ્રીકૃષ્ણે તો વર્ણાશ્રમ ધર્મ માટે આ શબ્દ પ્રયોજ્યો હતો. તેઓના મત પ્રમાણે ગુણકર્મ વિભાગ પ્રમાણે રચાયેલ સમાજમાં દરેક વર્ણ પોતાના સ્વભાવજન્ય કર્મો જ આચરવા તે જ તેઓ સ્વધર્મ ગણાય.




અત્યારે તો સમાજની સ્થિતિ તદન જુદી છે. બ્રાહ્મણ ધંધા કરે છે તો અન્ય કોમના લોકો કર્મકાંડ કરાવા લાગ્યા છે. ગાયત્રી-યજ્ઞના આચાર્ય કોઈ પણ થઈ શકે છે. આપણા સંતાનો એ પણ આંતરજ્ઞાતિય લગ્નો સ્વીકાર્યા છે તેથી હવે સ્વધર્મમાં નીજી સંસ્કૃતિ તથા સ્વજાતિની ઓળખ એ બે વાત જ રહે છે. ભારતીય સંસ્કૃતિ પર આજે ચારે બાજુથી હુમલા થવા લાગ્યા છે જે કાર્ય અંગ્રેજ શાસન સમયે ન થયું તે કાર્ય હવે સ્વતંત્રતાના નામે થવા લાગ્યુંછે. બાહ્ય પરિવેશ-વાતચીત ભાષા તથા વ્યવહારમાં આપણે ભારતીયતા છોડી પાશ્ચાત્ય જગતને અનુસરવા લાગ્યા છીએ. આપણી સંસ્કૃતિનું રક્ષણ, પાલન તથા પોષણ તેજ આપણો સ્વધર્મ છે. તે સાવ વિસરાતું જાય છે. આચાર-વિચારમાં આપણે આ પાશ્ચાત્ય સંસ્કૃતિની ચાદર ઓઢી લીધી છે જરા વધારે પડતા આધુનિક દેખાવા માટે દારૂ, જુગાર, તથા આમિષ આહારને મહત્ત્વ અપાયુંછે. થોડા દાયકા પહેલાં બ્રાહ્મણને બીડી-સિગારેટ પીતા જોઈ લોકો ટીકા કરતા. હવે મહિલાઓ પણ એ માર્ગે વળી ચૂકી છે. લગ્નજીવનની પવિત્રતાની વાતો હવે મશ્કરી પાત્ર ગણાય છે. લગ્નેત્તર સંબંધો ફેશન ઘણાય છે. અને ઊચ્ચ સ્તરીય ગણાયા ઘણા કુટુંબોમાં તે સામાન્ય ગણાય છે.

આપણે પછાત નથી તે દેખાડવા જાણે કે આંધળી દોટ મુકી છે. પશ્ચિમ જગતમાં જેવા નિયમો કે કાયદાઓ છે તેવા આપણે ત્યાં હોય તોજ આપણે સુધરેલા ગણાઈએ તેવી વિચારધારા પ્રચલિત બની છે. પરંતુ જયા આ નિયમો છે તે દેશોમાં આપણા જેવી સઘન કુટુંબ વ્યવસ્થા નથી. સ્ત્રીના રક્ષણ તથા પોષણ માટેના સામાજિક બંધનો નથી. ત્યાં વ્યક્તિગત ભાવના છે આપણે સામાજિક ભાવના તથા કુટુંબમાં માનનારા છીએ, તાજેતરમાં પસાર થયેલા થોડા કાયદાઓ એવા છે જેના કારણે કુટુંબ વ્યવસ્થા ભાંગી પડશે. એક - બે દાયકા પછી કોઈ દાદાજી પોતાના પૌત્રને 'ટપલી' નહિ મારી શકે તો મીઠી વાર્તા કહી પોતાના ખભા પર ઉંપાડશે પણ નહિ. જાતીય-સંતોષ-અંસતોષને પણ માનસિક કક્ષાએ બદલે કાયદાકીય સ્થિતિ આપતાં પતિ-પત્નીના સંબંધોમાં પણ ભંગાણો સર્જાશે, માત્ર થ્રીલર. એક પ્રકારના વિકૃત આનંદ ખાતર હત્યા કરવાના લક્ષણો પણ યુવાનોમાં દેખાવા લાગ્યા છે. 'રન એન્ડ હીટ' જેવા પરાક્રમો કરવાને નાણાંના જોરે કાયદા કાનૂનમાંથી છટકી જઈ શકાય છે તેવું જાણ્યા પછી તેનો ક્રેઝ વધવા લાગ્યો છે. એક વ્યક્તિનું ખૂબ કરવું તે ઘણી ધૃણાસ્પદ તથા અરેરાટી ભરી ઘટના ગણાતી. હવે ઉચ્ચ લોકો ખીસ્સામાં શસ્ત્ર લઈ ફરવા લાગ્યા છે. કેટલીક સિરીયલોમાં મહિલાઓ પણ રિવોલ્વર દર્શાવતી થઈ છે. આમ આપણે ભારતીયતા છોડી પશ્ચિમના તમામ અપલક્ષણો અપનાવ્યા છે. પરધર્મો ભયાવહ એ વાત ભુલાઈ ગઈ છે.

વ્યક્તિના પોતાના નીજી વ્યક્તિત્વની ઓળખે તે પણ તેનો સ્વધર્મ છે. પોતાના વ્યક્તિત્વને ખોઈ અન્યનું અનુસરણ કરવું. બાહ્ય સુખ-સગવડતા માટે પોતાનામાં પડેલા મૂળ-તત્ત્વને અવગણી. અન્ય માર્ગે ચાલવું તે પણ પરધર્મ જ ગણાય. સ્વજાતની ઓળખ અને સ્વભાવ પ્રમાણેનું વર્તન તેજ સ્વધર્મ છે તે પ્રમાણે વર્તતા ઘણીવાર મુશ્કેલીઓ આવે છે ને વારંવાર સહન કરવું પડે છે. પણ તેના કારણે આપણી આંતર-ચેતનાને બળ મળે છે. આપણે માનવ છીએ અને તેથી વ્યક્તિગત નહિ પણ સામૂહિક માનવતા ખીલે તે માનવ માત્રનો સ્વધર્મ ગણાય. આપણે સામૂહિક માનવતા નથી ખીલવી શક્યા પરિણામે આપણે વ્યક્તિ તરીકે ઘણા આગળ પણ સમરત સમાજના સ્વરુપે પછાત રહી ગયા છીએ. આપણા મોટા ભાગના ધર્માચાર્યોએ વ્યક્તિગત મોક્ષનો માર્ગ ચિંધ્યો પણ સામાજિક ઉન્નતિમાં રસ ન લીધો. તેથી સમાજમાં પોતાના સ્થાન પરત્વે નિષ્ઠાન થઈ. નિષ્ઠાજ સ્વધર્મમાં ગતિ પ્રેરે છે. તથા ભક્તિમાં શ્રદ્ધા પૂરે છે.


વ્યક્તિગત તથા સામાજિક રીતે, આપણે આપણી મૂળ સંસ્કૃતિનું રક્ષણ કરવું જરુરી છે. ગમે તેવા પ્રલોભનો હટાવી આપણે જે છીએ તે જ રહેવામાં લાભ છે. ધારો કે તેમાં તાત્કાલિક ધોરણે કઈ નુકશાન થયું તો પણ તે ક્ષમ્ય ગણવું જોઈએ. વ્યક્તિ પોતાની જાત પરત્વો વફાદાર રહીને. પોતાના તમામ વ્યવહારમાં નૈતિકતા અપનાવે પ્રમાણિકતાથી જીવવા પ્રયત્ન કરે તો કાયમ સફળ થાય છે. અગર જો તેમાં નુકશાન થાય તો તે પણ કલ્યાણકારક જ હોય છે.

# રેલગાડીમાં ત્રીજા વર્ગની મુસાફરી વિષે મહાત્મા ગાંધીનો અખબારોને પત્ર

થોડા દિવસોમાં દિવાળી વેકેશન આવશે. વેકેશનના દિવસો એટલે વતનના ગામમાં કે પ્રવાસ સ્થળોએ જવાના દિવસો. આ દિવસો એટલે રેલવેમાં આરક્ષણ (રિઝર્વેશન)ના પણ દિવસો. આ સંબંધે ગાંધીના રેલવે પ્રવાસોની નોંધ અત્રે લેખમાં રજૂ કરવી છે.

અગાઉના લેખોમાં ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે વિશ્વના તમામ મહામાનવોની વાત કરીએ તો ગાંધી એક જ એવા વિરલ વ્યક્તિ હતા કે તેમણે આજીવન પ્રવાસ લગભગ ત્રીજા વર્ગના મુસાફર તરીકે જ કર્યો હતો. તેમના વિરલ પ્રવાસોની એક જાણીતી વાત એ પણ છે કે ગાંધીએ ભરચક પ્રવાસો તો કર્યા અને એમાં સાયકલથી માંડીને બસ, ટ્રામના પ્રવાસો હતા પરંતુ તેમણે કયારેય વિમાન-પ્રવાસ કર્યો ન હતો. જો કે એ આડ વાત છે. અત્યારના શટલીયા વાહનોની પરિવહન સેવાના સમયની સરખામણીએ ગાંધીજીના ત્રીજા વર્ગની રેલ મુસાફરીના અનુભવો કેવા હતા તે જોઈએ.

મહાત્મા ગાંધી 'લીડર' નામના સમાચારપત્રના તંત્રીને લખેલા પત્રની શરુઆતમાં જ કહે છે કે દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ આવ્યાને મને અઢી વર્ષ થયા. આ અઢી વર્ષના ગાળાનો ચોથો ભાગ ત્રીજા વર્ગમાં મુસાફરી કરવામાં મેં ગાળ્યો છે. ત્રીજા વર્ગમાં મુસાફરી કરવાના અનેક કારણોમાં એક કારણ એ હતું કે ત્રીજા વર્ગના મુસાફરો જે સ્થિતમાં મુસાફરી કરે છે તે સ્થિતિનો અભ્યાસ કરવો. આવું ખુદ ગાંધી કહે છે, અને વાત આગળ લખતા કહે છે. 'એટલે સ્વાભાવિક રીતે જ મેં મારાથી બને તેટલી બારીકાઈથી અવલોકન કર્યું છે. મોટાભાગની રેલવેઓને ઝીણવટથી જોઈ લીધી છે. જે જે ખામીઓ મારા જોવામાં આવી તે અંગે મેં જુદી જુદી રેલવેના સંચાલકો સાથે પત્ર વ્યવહાર કર્ય છે પરંતુ મને લાગે છે કે જેનો નિકાલ મુશ્કેલી વિના થઈ શક્યો હોય, છતાં જેનો અત્યાર સુધી નિકાલ થયો નથી.'




મહાત્મા ગાંધીએ મુશ્કેલી વિના નિકાસ થઈ શકે તેવી ફરિયાદોનો નિકાલ ન થયો તેવી ફરિયાદો સામેના ધર્મયુદ્ધમાં જોડાવાનું આમંત્રણ, સમાચારપત્રો અને જાહેર જનતાને આપવાનો સમય હવે આવી ગયો છે એમ સ્પષ્ટ કરે છે.

ગાંધીએ લીડરના તંત્રીને તા. ૨૫ સપ્ટેમ્બર, ૧૯૧૭ના રોજ રાંચીથી પાઠવેલા પત્રની અક્ષરઃ વિગતો આ મુજબ છે. આ માસની ૧૨મી તારીખે મેં મુંબઈથી મદ્રાસ જવા માટે મેલ ટ્રેનની ટિકિટ લીધી અને તે માટે રૂા. ૧૩-૯-૦ આપ્યા. ડબ્બામાં ૨૨ મુસાફરો જઈ શકશે એવું લેબલ લગાવ્યું હતુ. આ ૨૨ મુસાફરો કેવળ બેઠા બેઠા જઈ શકે તેમ હતું. સુવા માટેન પાટીયાં ન હતા કે આરામથી સૂઈ શકાય. મુંબઈથી પૂના સુધીના રેલ માર્ગ પર ડબ્બામાંનાં ખડતલ મુસાફરો કોઈને ડબ્બાની અંદર ઘુસવા દેતા ન હતા. પરંતુ રાયચુર તરફ જતાં ભીડ અસહ્ય બની અને ડબ્બામાંથી ખડતલ મુસાફરો માટે પણ બીજા મુસાફરોને અંદર આવતા રોકવાનું અસહ્ય થઈ પડ્યું હતું. આમાંનું એક કારણ એ પણ હતું કે રેલવેના ગાર્ડ અને નોકરો જ વધારે માણસોને ડબ્બામાં ઘુસાડવા આવતા હતા.

ઘેટા-બકરાની માફક માણસો ઘુસાડવા સામે પાંચ રાતની મુસાફરી કરીને કંટાળેલા મેમણ વેપારીએ ફરિયાદ કરી હતી પરંતુ એની કશી જ અસર થઈ નહીં. ડબ્બામાં ૨૨ની જગ્યા સામે ૩૫ માણસો હતા. એકવાર તો મારામારી થતી રહી ગઈ. ડબ્બામાં મારામારી રોકવાનું કામ કરનાર વૃદ્ધ મુસાફરોને લાગ્યું કે 'ભીડ તો નડે છે, તેમાં વળી મિજાજ ગુમાવીને અગવડમાં વધારો શા માટે કરવો?!'

૧૯૧૭માં એ સમયે ટ્રેન હતી તો સ્ટેશનો પર અને ડબ્બામાં ચા વેચનારા પણ હતા. પણ ચાને બદલે રંગીન પાણી હતું. ગંદી ખાંડ નાખેલી હતી અને સફેદ રંગનું કોઈ પ્રવાહી, જેને તેઓ ભૂલથી દૂધ કહેતા હતા. અલબત્ત ગાંધી સ્પષ્ટતા કરે છે હું તો આનો સાક્ષી છું, સ્વાદની બાબતમાં તો મારે એ મુસાફરો જે કહે તે જ સાચું માનવું રહ્યું.

આખી સફર દરમિયાન ડબ્બો વાળવામાં કે સાફ કરવામાં આવ્યો ન હતો. અલ્પાહારની જે ચીજો વેચાતી એ ગંદી હતી. વેચનારાના હાથ, જોખવા માટેનાં ત્રાંજવા અને વાસણો બધું જ ગંદુ હતું. ખાવાપીવાનો સ્વાદ માખીઓએ પહેલેથી ચાખી લીધો હતો.

યુરોપિયન ઢબનું પાયખાનું હતું. પણ એ પાયખાનાના નામને લાયક ન હતું. પાયખાનામાં એક નળ હતો પરંતુ પાણી બિલકુલ નહોતું. ગાંધી લખે છે મારું કથન ખોટું પડવાની બીક રાખ્યા વિના હું કહું છું કે એની ગંદકી રોગ ફેલાય તેવી હતી. આખું કંપાર્ટમેન્ટ ખુબ ગંદુ દેખાતું હતું. લાકડાના પાટિયા ઉપર ધૂળના પોપટા બાઝયા હતા અને હું નથી ધારતો કે કદી એણે સાબુને પાણીના દર્શન કર્યા હોય!

રેલ ગાડીઓ ઉપરાંત રેલવે સ્ટેશન મુસાફરખાનાઓ પણ ડબ્બા જેવા જ છે. એવો ઉલ્લેખ કરતાં ગાંધી વર્ણન કરે છે 'મુસાફરખાનાઓમાં કેવળ શોરબકોર જ છે. લોકોને બેસવા માટે બાંકડા નથી, ગમે ત્યાં થૂંકવા દેવામાં, એઠવાડ નાંખવા દેવામાં આવે છે. બીડીઓ ફૂંકવા દેવામાં આવે છે. હું એવા મુસાફરોને ઓળખું છું જેઓ... ગાડીઓમાં પોતાને ઓછું કષ્ટ પડે તે માટે મુસાફરી દરમિયાન ઉપવાસ કરતા હોય છે. કલકત્તાના સ્ટેશનની વાત કરતા કહે છે. કલકત્તાનું સ્ટેશન કલકત્તાના કારાગાર જેવી છે, અને તે બિલકુલ નષ્ટ કરવા લાયક છે.'

આવી સ્થિતિમાં આ દેશમાં પ્લેગ જો એક રાષ્ટ્રીય રોગ બની ગયો હોય તો તેમાં નવાઈ જેવું શું છે? એવો પ્રશ્ન ઉઠાવતા ગાંધી પત્રના અંતમાં લખે છે ત્રીજા વર્ગની ટ્રેનના ડબ્બાઓ અને મુસાફરખાનાઓ બાબતે અહીં વર્ણવવામાં આવેલ દુષણો દૂર કરવા માટે અનેક ઉપાયો સૂચવી શકાય તેમ છે. તેમાંનો એક ઉપાય છે હું નમ્રતાપૂર્વક અહીં સામેલ કરું છું. વાઈસરોય, સેનાપતિ, રાજા-મહારાજાઓ, ઈમ્પિરીયલ કાઉન્સિલના સભ્યો અને એમના જેવા મોટા મોટા લાટ સાહેબો જેઓ સામાન્ય રીતે ઉપલા વર્ગમાં મુસાફરી કરે છે, તેઓ અગાઉથી ખબર આપ્યા વિના જ અવારનવાર ત્રીજા વર્ગની મુસાફરીનો અનુભવ કરતા રહે. એનાથી ત્રીજા વર્ગના મુસાફરોની દશામાં આશ્ચર્યજનક પરિવર્તન આવી જશે અને જે લાખો મુસાફરો કશી પણ ફરિયાદ કર્યા વિના સામાન્ય મામૂલી આરામથી એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાની આશાએ ભાડું આપે છે, તેઓને તેમના ભાડાના પૈસાનો કંઈક બદલો મળી રહેશે.

ઉપરના લેખ પરથી આપ આપની રીતે અંગ્રેજોના સમયની રેલગાડીઓમાં ગાંધીજીના પ્રવાસ અને અત્યારના સમયના આપના રેલ પ્રવાસની સરખામણી કરી રહ્યા હોય એવી મનોસ્થિતિ ઉપસી રહી હોય એમ લાગે છે!!?

સંદર્ભ: હિન્દુસ્તાનની રેલગાડીઓમાં ત્રીજા વર્ગની મુસાફરી વિષે અખબારોને પત્ર : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, પૃષ્ઠ : ૫૧૨ થી ૨૦૧૪)

**(લેખક સમાજસાસ્ત્રના અધ્યાપક છે.)**

# રંગોળીએ ઉજાળવા તુજ પ્રાંગણ, અવનવા રંગો બન્યા છે સુલભ! લીંપવા મુજ ગરીબનું આંગણ, હવે તો ગોબરેય બન્યું દુર્લભ!

સાહિત્યવૃત્ત સંચય

● કમળાશંકર પંડ્યા ફાઉન્ડેશન વડોદરા દ્વારા સાહિત્યકારને અપાતો 'કમળાશંકર પંડ્યા સાહિત્યકાર એવોર્ડ-૨૦૧૫, ડૉ. વિરંચિ ત્રિવેદી અને દિનેશ ડાંગરે 'નાદાન'ને અર્પણ કરવાનો કાર્યક્રમ જાણીતા કવિ અનિલ જોશીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો, જેમાં ડૉ. પ્રદીપ વટાવવાળાએ ભૂમિક બાંધી તથા સતીશ ડણાકે સંસ્થા પરિચય આપ્યો. બંને સન્માનિત સર્જકોનું પુષ્પગુચ્છ, શાલ, સ્મૃતિ ચિહન્ તથા ચંદ્રક આપીને સન્માન કરાયું. સંચાલન અને આભારદર્શન હરીશ વટાવવાએ કર્યું.'

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સહચર્ય પ્રકાશન દ્વારા 'સહચર્ય વાર્ષિકી-૨૦૧૫'નું લોકાર્પણ જાણીતા સર્જક અને વિવેચક સુમન શાહના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે સિતાશું યશચંદ્ર, હરીશ મીનાશ્રુ, કમલ વોરા, જયદેવ શુક્લ અને ભરત નાયકે કાવ્યપઠન કર્યું અને રઘુવીર ચૌધરી તથા કાનજી પટેલે એમના લેખના ગદ્યાંશોનું પઠન કર્યું જયારે કાર્યક્રમનું સંચાલન નિસર્ગ આહિરે કર્યું હતું.




● ગુજરાતી સાહિત્ય પરિષદના રા.વિ. પાઠક સભાગૃહમાં જોસેફ મેકવાન ફાઉન્ડેશન અને ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે, મૂર્ધન્ય સાહિત્યકાર જોસેફ મેકવાનની ૮૦મી જન્મજયંતિ નિમિત્તે, ડિવાઈન પબ્લિકેશન દ્વારા પ્રકાશિત જોસેફ મેકવાનનાં ૧૨ પુસ્તકોનો વિમોચન સમારોહ તાજેતરમાં યોજી ગયો, જેમાં સમારંભના અધ્યક્ષ સ્થાને સુપ્રસિદ્ધ સાહિત્યકાર રઘુવીર ચૌધરી તેમજ અતિથિવિશેષ પદે સાહિત્યકાર ડૉ. પ્રદીપ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ બાર પુસ્તકોમાં (૧) વ્યતીતની વાટે (૨) આગળો (૩) દરિયા (૪) વહાલનાં વલખાં (૫) જીવતરના નાટારંગ (૬) લખ્યા લલાટે લેખ (૭) મારી ભિલ્લુ (૮) રામનાં રખોપાં (૯) જનમજલા (૧૦) જોસેફ મેકવાનનો વાર્તાલોક (૧૧) ચારુશીલા (૧૨) ફરી આંબા મહોરે - નો સમાવેશ થાય છે.

**મૂર્ધન્ય સાહિત્યકાર જોસેફ મેકવાનની ૮૦મી જન્મજયંતિ નિમિત્તે, ડિવાઈન પબ્લિકેશન દ્વારા પ્રકાશિત જોસેફ મેકવાનનાં ૧૨ પુસ્તકોનો વિમોચન સમારોહ તાજેતરમાં યોજી ગયો, જેમાં સમારંભના અધ્યક્ષ સ્થાને સુપ્રસિદ્ધ સાહિત્યકાર રઘુવીર ચૌધરી તેમજ અતિથિવિશેષ પદે સાહિત્યકાર ડૉ. પ્રદીપ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ બાર પુસ્તકોમાં (૧) વ્યતીતની વાટે (૨) આગળો (૩) દરિયા (૪) વહાલનાં વલખાં (૫) જીવતરના નાટારંગ (૬) લખ્યા લલાટે લેખ (૭) મારી ભિલ્લુ (૮) રામનાં રખોપાં (૯) જનમજલા (૧૦) જોસેફ મેકવાનનો વાર્તાલોક (૧૧) ચારુશીલા (૧૨) ફરી આંબા મહોરે**

● વીરમાયા સ્માયક સમિતિ, ગુજરાત, વણકર સમાજ, પાટણ દ્વારા 'વીરમાયા કાવ્યસંગ્રહ'નો લોકાર્પણ સમારોહ, તાજેતરમાં માયા ટેકરી - પાટણ ખાતે, ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષસ્થઆને અને સંસદીય સચિવ, સા. ન્યાય અને અધિ. વિભાગ માન. જેઠાભાઈ સોલંકીના મુખ્ય મહેમાનપદે અને માન. જયેશભાઈ પટેલની વિશે, ઉપસ્થિતિમાં ઉજવાઈ ગયો. 'વીરમાયા કાવ્યસંગ્રહ' નું વિમોચન બબલદાસ ચાવડા દ્વારા અતિથિ વિશેષ ભી. ન. વણકરની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. સાહિત્યકારો ડૉ. મોહન પરમાર, દલપત ચૌહાણ, બાલકૃષ્મ આનંદ અને નૈષેધ મકવાણાએ વકતવ્યો રજૂ કર્યા અને આભારવિધિ ધીરજ સોલંકીએ કરી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નગીન ડોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

● ગુજરાત સાહિત્ય પરિષદના રા. વિ.પાઠક સભાગૃહમાં 'સંવેદના સમાજ'ના પ્રકાશક કિશોર મકવાણા સંપાદિત 'અનામત અંગેનું સત્ય-અસત્ય' પુસ્તકનું વિમોચન, 'નવગુજરાત સમય'ના તંત્રી અજય ઉમઠના કરકમળથી ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી દિગંતભાઈ જોશીના અતિથિ વિશેષ પદે અને ગુજરાત જાહેર સેવા આયોગના ભૂતપૂર્વ સભ્ય મૂળચંદભાઈ રાણાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ સમારોહમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યશ્ર ભાગ્યેશ જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અનામત અંગે લોકોમાં પ્રવર્તતી ગેરસમજ અંગે અને બંધારણ અનુસાર શિક્ષણ અને નોકરીમાં અનામતની જોગવાઈની છણાવટ કરી. આ પુસ્તકમાં સમાવિષ્ઠ બાબતો અંગે મૂળચંદભાઈ રાણાએ નિરુપણ કર્યું. અને 'સંવેદના સમાજ' સામયિકના તંત્રી શ્રીમતી અનીતા પરમારે કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન કર્યું હતું.

● સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા સંસ્કૃત સપ્તાહ પૂર્ણાહૂતિ સમારોહ, સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે યોજાઈ ગયો. સંસ્કૃત મહાવિદ્યાલયના આચાર્ય હિતેન્દ્ર વ્યાસે સંસ્કૃતની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી અને ભાગવતાઆચાર્યશ્રી એ શાબ્દિક સ્વાગત કર્યું. અકાદમીના અધ્યક્ષ અને સાહિત્યકાર ભાગ્યેશ જહાએ આધુનિક યુગમાં સંસ્કૃતનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું કે અમેરિકાની હાવર્ડ યુનિ.માં આપણી 'ભગવદ્ગીતા' અભ્યાસક્રમમાં ભણાવાય છે. સમારોહના અંતમાં આભારવિધિ રમાકાન્તભાઈ વ્યાસે કરી હતી.

**દધિ મુક્તક**

'રંગોળીએ ઉજાળવા તુજ પ્રાંગણ,
અવનવા રંગો બન્યા છે સુલભ!
લીંપવા મુજ ગરીબનું આંગણ,
હવે તો ગોબરેય બન્યું દુર્લભ!'

**હાઈકું**

ભોગીનું શિશ,
લક્ષ્મી તણી આશાએ
નમે વિષ્ણુને!

હતો જે નામી,
કાંધે ચડ્યો નનામી,
બન્યો અનામી!

- muljibhaidadhi@gmail.com